માનવતાની ધર્મભાવના, હૈયે સૌ માનવ લાવે, વેર-ઝેરના પાપ તજીને, મંગળ ગીતો એ ગાવે

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૨૭૨ |
| અમદાવાદ | ૧૭૮ |
| ગાંધીનગર | ૩૯ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૭૦ | ૩૦ ઓગસ્ટ, ૨૦૨૦, રવિવાર; ભાદરવા સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# અનલોક-૪ : મેટ્રોરેલ શરૂ, મેળાવડામાં ૧૦૦ વ્યક્તિ

## સ્કૂલ-શૈક્ષણિક સંસ્થાઓ બંધ, થિયેટરોને હજી એક મહિનાની રાહ જોવી પડશે, માત્ર ઓપન એર થિયેટરો ૨૧મી સપ્ટેમ્બરથી શરૂ થઇ શકશે, અનલોકનો અમલ ૩૦મી સપ્ટેમ્બર સુધી ફરજીયાત

નવી દિલ્હી, તા. ૨૯

કેન્દ્ર સરકારે અનલોક-૪ની ગાઈડલાઈન જાહેર કરી છે જેમાં શહેરોની મેટ્રોરેલ શરૂ કરવાનો આદેશ છે. મેળાવડામાં ૧૦૦ વ્યક્તિને ડિસ્ટન્સીંગ સાથે એકત્ર થવાની પરમિશન આપવામાં આવી છે. ઓપન એર થિયેટરો ખોલવામાં આવશે જ્યારે સ્કૂલો અને શૈક્ષણિક સંસ્થાઓ બંધ રાખવાનો આદેશ કર્યો છે. આ અનલોકની અવધિ ૩૦મી સપ્ટેમ્બર રાખવામાં આવી છે. મેટ્રોરેલ ૭મી સપ્ટેમ્બરથી શરૂ કરાશે, જ્યારે ઓપન એર થિયેટરો ૨૧મી સપ્ટેમ્બરથી શરૂ કરી શકાશે.

સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક, રાજનૈતિક કાર્યક્રમો, રમત ગમત અને અન્ય સભાઓમાં પણ ૨૧ સપ્ટેમ્બરથી ૧૦૦ લોકોને એકઠા થવાની મંજૂરી મળશે. જો કે આવા સમારોહમાં માસ્ક, સોશિયલ ડિસ્ટન્સિંગ, સેનેટાઈઝર, થર્મલ સ્ક્રેનિંગને ફરજિયાત બનાવવામાં આવ્યું છે. એક મહત્વની નિર્ણય પ્રમાણે ૩૦ સપ્ટેમ્બર સુધી શાળા, કોલેજ, કોચિંગ ક્લાસ સહિતની શૈક્ષણિક સંસ્થાઓ બંધ રહેશે.



રાજ્ય સરકારો અને કેન્દ્ર શાસિત પ્રદેશો સાથે વિચાર વિમર્શ કરીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. જો કે ઓનલાઈન શિક્ષણ પહેલાની માફક જ શરુ રહેશે. આ સિવાય શાળાના ૫૦ ટકા સ્ટાફને ઓનલાઈન શિક્ષણ માટે બોલાવી શકાશે. કન્ટેનમેન્ટ ઝોન બહાર ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ શિક્ષકોનું માર્ગદર્શન મેળવવા માટે સ્વેચ્છાએ જઈ શકશે. જો કે તેના માટે વાલીઓની લેખિત મંજૂરી ફરજિયાત છે.

હજી પણ દેશમાં સિનેમા હોલ, સ્વિમિંગ પૂલ, થિએટર સંપૂર્ણ બંધ રહેશે. આંતરરાષ્ટ્રીય યાત્રા પર પણ પ્રતિબંધ યથાવત રાખવામાં આવ્યો છે. કોઇ પણ રાજ્ય કેન્દ્ર સરકાર સાથે ચર્ચા કર્યા વગર હવે કન્ટેનમેન્ટ ઝોન બહાર લોકડાઉન નહીં લગાવી શકે. દેશમાં કોઈપણ જગ્યાએ જવા માટે અલગથી પરવાનગી લેવાની જરૂર નહીં પડે. ભારત સરકારે અનલોક-૪ માટે શનિવાર સાંજે ગાઈડલાઈન બહાર પાડી છે અને તે ૩૦મી સપ્ટેમ્બર સુધી લાગુ રહેશે.

### અનલોક-૪માં શું- શું શરૂ થશે

- કન્ટેનમેન્ટ ઝોનમાં ૩૦ સપ્ટેમ્બર સુધી લોકડાઉનનું કડકાઈથી પાલન કરાશે.
- ઈન્ટર અને ઈન્ટ્રા સ્ટેટ મૂવમેન્ટ પર હવે કોઈ પ્રતિબંધ નહીં હોય.
- કોઈપણને દેશમાં ગમે ત્યાં જવા માટે અલગ પરવાનગી લેવાની જરૂર નથી.
- દરેકે રાષ્ટ્રીયસ્તરે અપાયેલા નિર્દેશોનું પાલન કરવું પડશે.
- સોશિયલ ડિસ્ટેંસિંગ રાખવું પડશે.
- દુકાનો પર ગ્રાહકો વચ્ચે સોશિયલ ડિસ્ટેંસિંગ રાખવું ફરજીયાત છે.
- ગૃહ મંત્રાલય ખુદ નજર રાખશે.
- ૬૫ વર્ષથી વધુ ઉંમરના લોકો, ૧૦ વર્ષથી નાના બાળકોને બહાર નહીં નિકળવાની સલાહ.
- રાજ્ય સરકારો હવે કેન્દ્રની મંજૂરી વગર સ્થાનિક સ્તર પર લોકડાઉન નહીં લગાવી શકે.
- ફક્ત કન્ટેનમેન્ટ ઝોનમાં જ લોકડાઉન લાગી શકશે.
- ૨૧ સપ્ટેમ્બરથી ઓપન એર થિયેટર ખોલવાની પરવાનગી મળશે.
- ૩૦ સપ્ટેમ્બર સુધી સ્કૂલ-કોલેજ બંધ રહેશે.
- ઓનલાઈન અને ડિસ્ટેન્સ એજ્યુકેશનને પ્રોત્સાહન અપાશે.
- સ્કૂલ અને કોલેજમાં ૫૦ ટકા ટીચિંગ અને નોન ટીચિંગ સ્ટાફ બોલાવી શકાશે.

## પીયુસી ન હોય તો આરસી સસ્પેન્ડ કરી શકાય : સુપ્રીમ

નવી દિલ્હી, તા. ૨૯

જો વાહનનું પીયુસી (પોલ્યુશન અન્ડર કંટ્રોલ સર્ટિફિકેટ) ન હોય તો એવા વાહનોનાં રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ (આરસી)ને સસ્પેન્ડ કે કેન્સલ કરવું જોઈએ, તેવો ચુકાદો સુપ્રીમ કોર્ટે આપ્યો છે. આ સાથે સુપ્રીમે એમ પણ કહ્યું છે કે પર્યાવરણના હિતમાં વાહનમાલિક પાસેથી દંડ પણ વસૂલાવો જોઈએ. સુપ્રીમ કોર્ટે આ ચુકાદો મધ્યપ્રદેશ સરકારની એક અપીલ પર આપ્યો છે. આ અપીલ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ સેન્ટ્રલ ઝોન ભોપાલના ૨૧ એપ્રિલ ૨૦૧૫ના એક આદેશ સામે હતી. પાંચ વર્ષ પહેલા એનજીટીએ પીયુસી વગરના વાહનોની આરસી સસ્પેન્ડ કરવા અને તેને ઈંધણ ન દેવાનો આદેશ આપ્યો હતો.

સુપ્રીમ કોર્ટના જસ્ટિસ અરુણ મિશ્રા અને જસ્ટિસ ઈન્દિરા બેનર્જીની બેંચે શુક્રવારે આ કેસની સુનાવણી કરી હતી. જોકે, કોર્ટે નિયમ તોડનાર વાહનને પેટ્રોલ ન આપવાના આદેશને રદ કરી દીધો હતો .બેંચે કહ્યું કે પીયુસીવાળા વાહનના માલિક કે તેને ચલાવનાર સામે કાયદાકીય કાર્યવાહી કરવી જોઈએ.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે સેન્ટ્રલ વ્હીકલ રુલ્સ ૧૯૮૯ના રુલ્સ ૧૧૫ અને ૧૧૬માં પ્રદુષણના માપદંડ અને તેના ઉલ્લંઘન પર દંડની

## પુલવામા ખાતે અથડામણમાં ત્રણ આતંકી ઠાર, એક જવાન શહીદ

પુલવામા, તા.૨૯

પુલવામાના જાદુરા વિસ્તારમાં શુક્રવારે મોડી રાતથી સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર ચાલી રહ્યું છે. આ એન્કાઉન્ટરમાં સુરક્ષાદળો દ્વારા અત્યાર સુધીમાં ૩ આતંકવાદીઓ માર્યા ગયા છે. આ એન્કાઉન્ટરમાં એક યુવકનું પણ મોત નીપજ્યું હતું. કાશ્મીર ઝોન પોલીસે જણાવ્યું કે પોલીસ અને સુરક્ષા દળો આ કાર્યવાહી હાથ ધરી છે. કાશ્મીર ઝોનની પોલીસે આતંકવાદીઓના મોતની પુષ્ટિ કરી છે. અહેવાલ મુજબ પોલીસે જણાવ્યું હતું કે પુલવામાના જદુરા વિસ્તારમાં એન્કાઉન્ટર શરૂ થયું હતું. પોલીસ અને સુરક્ષા દળ કાર્યરત છે. જોકે, આ મામલે હજી સંપૂર્ણ માહિતી મળી શકી નથી. અગાઉ, કાશ્મીરના પોલીસ મહાનિર્દેશક, વિજય કુમારના જણાવ્યા મુજબ, શોપિયન જિલ્લાના કિલોરા વિસ્તારમાં શુક્રવારે એક એન્કાઉન્ટરમાં ચાર આતંકવાદીઓ માર્યા ગયા હતા, જ્યારે એકને પકડવામાં સફળતા મળી હતી.

જમ્મુ-કાશ્મીરના પુલવામાના જદુરા વિસ્તારમાં ભારતીય સુરક્ષાદળો અને આતંકવાદઓ વચ્ચે થયેલી અથડામણમાં ત્રણ આતંકીઓ માર્યા ગયાના સમાચાર છે. કાશ્મીર ઝોન પોલીસના જણાવ્યા પ્રમાણે રાત્રે આશરે એક વાગ્યા પોલીસ અને સુરક્ષાદળોએ આતંકીઓને પકડવા માટે અભિયાન શરૂ કર્યું હતું. અથડામણ દરમિયાન ગંભીર રીતે ઘાયલ એક જવાન શહીદ થયો છે. ઘાયલ થયા બાદ જવાનને સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પ્રાપ્ત વિગત પ્રમાણે, ભારતીય સુરક્ષાદળોને બાતમી મળી હતી કે અમુક આતંકીઓ પુલવામાના જદુરા વિસ્તારમાં છૂપાયેલા છે. આ આતંકીઓ કોઈ મોટી ઘટનાને અંજામ આપવાની તૈયારીમાં છે. બાતમીના આધારે સુરક્ષાદળોએ સ્થાનિક પોલીસને સાથે રાખીને આખા વિસ્તારની ઘેરબંધી કરી લીધી હતી. આ દરમિયાન એક ઘરમાં આતંકી ગતિવિધિ જોવા મળી હતી. જે બાદમાં સુરક્ષાદળોએ આતંકીઓને હથિયાર ફેંકીને બહાર આવવાનું કહ્યું હતું. જે બાદમાં આતંકીઓએ ફાયરિંગ શરૂ કરી દીધું હતું.




### છેલ્લે... છેલ્લે...

- ગુજરાતમાં સી-પ્લેન એરોડ્રોમનું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૩૧મીએ કેવડિયા ખાતે ઉદ્‌ઘાટન કરી શકે છે.
- ગુજરાત એટીએસના ૧૧ અધિકારીઓ અને કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત
- માઉન્ટઆબુમાં એક સપ્તાહ માટે લોકડાઉન
- સુશાંત કેસમાં રિયા ચક્રવર્તીની પુછપરછ કરનાર ડીસીપી અભિષેક ત્રિમૂખે કોરોના પોઝિટીવ
- પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મૂખર્જીની તબિયત વધુ બગડી
- ક્લેટની પરીક્ષા ૭મી સપ્ટેમ્બરના બદલે હવે ૧૧મી સપ્ટેમ્બરે યોજાશે
- વડોદરા કોંગ્રેસના નેતા નરેન્દ્ર રાવત કોરોનાથી સંક્રમિત
- વિરપુર જલારામ મંદિર એક મહિનો બંધ રહેશે. હવે ૧લી ઓક્ટોબરથી મંદિર શરૂ થશે.
- ૧૦મી સપ્ટેમ્બરથી રાજકોટ-મુંબઈ વચ્ચે વિમાની સેવા શરૂ થશે
- ગુલામ નબીને કોંગ્રેસમાંથી 'આઝાદ' કરવા જોઈએ
- ઉત્તરાખંડ ભાજપ અધ્યક્ષ બંસીધર ભગતનો કોરોના રિપોર્ટ પોઝિટિવ
- અમેરિકામાં હવે કોરોના પીડિતોને અપાશે રેમેડિસવિર




